વીઠલ ગીતાવળી

અથવા

ગોવીંદ—ગીત.

ભાગ ૧ લો.

જેમાં

અલાદીન, ખુદાદાદ, ચતરા, હામાન, બકાવ[illegible],
શાકુંતલ, કનક—તારા અને પૃથુરાજ વગેરે
ખેલોમાં ગવાતા ગાયનોમાંથી ચુંટી કાઢેલી લોક
પસંદ રાગ રાગણીઓમાં ઇશ્વરી સ્મર્ણના
ગાયનો

રચીને છપાવી પ્રગટ કરનાર

વીઠલદાસ પરશોતમદાસ

આ પુસ્તક સને ૧૮૬૭ના ૨૫ માં કાયદાપ્રમાણે રજીસ્ટર કર્યું છે.

મુંબઇ

ધી રાઇઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસ.

પ્રસ્તાવના.


આ ગીતાવળીનું લઘુ પુસ્તક હું તમારી શેવામાં રજુ કરૂ તે પેહેલાં થોડાક બોલો લખી જણાવવાની રજા લઉ છું અને ઉમેદ છે જે તેને માટે મને જરૂર ક્ષમા કરશો.

ગાયનોના સુજ્ઞ શોખીન જણો, ઠાલા નાટકોના ગાયનો ગાવાં કરતાં. આ લઘુ પુસ્તકમાંની ઈશ્વરી સ્મર્ણની તરેહ તરેહની રાગ રાગણીઓ ગાઈ ખુશી થશો, એજ પુરતું છે. માટે નમ્રતા પુર્વક વિનંતી એ છે જે આ પુસ્તક માંહેલા ગાયણોમાં અશુધ્ધી, અથવા તો કાંઈ 'નજર ચુક' માલમ પડે તો તેને માટે તમો સન્મુખ પ્રથમ સેવા બજાવેલી સમજી મને દરગુજર કરશો એવી આશા હું રાખુંછું.

વીડલદાસ, પરશોતમદાસ દયાળભાઇ.

બીજે કલમ—આ પુસ્તકની કૉપી (લખાણ) લખી આપવાને મારા મીત્ર ભટ દેવપ્રસાદ શીવપ્રસાદ, (ज्ञाતે મૈતીક બ્રાહ્મણ) એમને [illegible] પડી છે તે માટે આ ઠેકાણે હું તેમનો ઉપકાર માનું છું.

V. P.



વીઠલ ગીતાવળી

અથવા

ગોવીંદ—ગીત.



૧

રાગ—રાજીન્દર રીમઝીમ ઝુંમઝુંમ.

જગતેશ્વર દેવસેવ પુંજ્યમાન ઠનનનન
રામ લક્ષ્મિવર કાહાન શ્રી વીઠલેશ તુંજ—જગતેશ્વર
રામધુમ રામધુમ હમેશ તનમન માંહી,
તુંજ સેવ અમ નિત કરશું રે,
નામ તુંજ હરક્ષણ અમેરે ગાઇએ
શ્રી પ્રભુ કેશવા સ્મરણહા, સ્મરણહા સ્મરણહા
નીત કરીએ સ્મરણહા,
[illegible] ઝટપટ છોડો ખટપટ કહે વીઠલ વ્હારતું કર,
હે પ્રભુ જગ કરતા—જગતેશ્વર.

૨

પંડર પુરના શ્રી વીઠલ નાથને સ્તુતી.

રાગ—ક્યા સોહાયે રંગેજો મોરારંગ.

કેવા [illegible] થ પંડરપુર
વંદી [illegible] પંડરપુર—કેવા

નાથ, ઇચ્છીએ મોક્ષ ગતીરે વ્હાલા
એટલી અરજ અમારી સુણતું પંડરપુર—કેવા
કરૂણા સાગર પાયે લાગીએ વ્હાલા
સાહ્યે સદા હમને થજે પંડરપુર—કેવા
વીઠલ, હું જાચું એટલું વ્હાલા
મનના મનોર્થ દેજે નાથ પંઢરપુર—કેવા.

૩

રાહ—દુરદુર ઓનારી નાકારી આજારી બાજારી દુર દુર.

પાપી—માનમાનમાનમાન આધાર છેમુજ
તુંપર આઠારજાણુ જાણુ—માન.
દે નહિ મુજને દુઃખ. ઇશ આજ્ઞા પાળવા,
મારન મુજને ખુબ, તુજ દાવ બજાવવા,
છોડતો બેહેતર વગર કસુર તું કરે હું પર નજર ખુની.
દયા આણી થાતું દાની, જરૂર ન તો થઇશ હેરાન હું
નાદાન—માન માન.

૪

રાહ—ઉપરની

જમ—ચુપ ચુપ ચુપ ચુપ પાપી તું
ન ધરમી લાજ્યો ન બેશરમી હુડ ધુત-ચુપ ચુપ
શું તારો શોર બકોર અહીંઆ ચાલે,
નહિ હવે તારૂં જોર રહે કોઇબી કાળે,
ચલ ચલ નીરજીવ નીવડયો તું દુનિઆમાં
નહિ બોલ એકપળ આગળ મુજ અહીંયાં,
માન મારૂં કરૈશું
કા થુંકેબી ગુખુબ—ચુપ ચુપ.

૫

રાહ—ચંન્દે મહેતાબ ડુબી ગન્દે તાલાબમે.

શાની માહારાજ નહી રોષ કરજો દયાવંત દયાવંત દ-
યાવંત દયાવંત—જય, જય, જય, જય—શાની
બંકટ બજરંગ, અઘહર મુનીવર,
હંમેશના છતર, સર્વપર સુરીનર;
છોતમ અગોચર, સુખકર દુખહર,
નહી કોથી કમતર વજ કછોટધર;
સત્યવ્રત રાખશુ અમે, કદી જુઠ ન ભાખશું અમે,
સ્વાદીષ્ટ ખોટુ ન ચાખશું અમે, દર્શણ નીશદીન જાચશુ
અમે, જય જય જય જય—શાની

૬

ગોપ ગોપીઓ ગાયછે.

રાહ—યારબ હાલ ખુલજાવે.

નિર્ખોરે કાહાનુડાને, મળીને કરીએ ખુશીખુશાળી,
કેમ ન કરીયે રંગ રાગ રંગરાગરે, ચાલો ચાલો ચાલો ઝટ-
પટ ઝટપટથી—કાહાનુડાને.
છેલ છબીલો ઝળઝળ ઝળકે, ઊભો રહયો કેવો મળકે
દી[illegible] વહાલો જાનથી પ્યારો, આપણ થયા, દીલખુશ,
ખુબખુશ, જોઇ ખુશ—કાહાનુડાને

૭

'કળીયુગ'

રાહ—આબદકાર આમગરૂર.

ભક્ત—જોતું ભાઇ ધરી [illegible] નજકાઇ, તું કર ભક્તિ
ગતીઅતી, જોભવ [illegible] ઘર મુક્તી.

પાપી—ચલઆંહી નથોભ લગાર, શું તારો ભગ્વત કરનાર
કર્મોજ થશે મદદગાર, 'ભક્ત જન' માંહેશું શકિ

૮

રાહ—હીલમીલ રૂમઝુમ કરોજી સયેર.

હરહર પળપળ રાખજો મેહેર,
કરીયે કરીયે સ્મરણ હમેશ વારી વારી;
છે પાતાળ કે આકાશમાં તમ કર્તાની બલીહારી—મેહેર
દુખના પાહાડની સુખ અથાગની રમક ઝમક બેહદજાણી
વળીતમ કૃતિના, લીલાનીગતીમાં ઠીમક ઠુમકઅપારજાણી
અમરતરૂપે અચરત મનમાં, નીત નીત હરપળ ઝટ
જાણી તનમાં—મેહેર

૯

ખુશરહો ખુશરહો જાઓ.—એ રાહ.

તુંજ ઇશ તુંજ ઇશ પ્યારા,
સેવકો તારા, અરજ કરી કહે, કાપપાપ અમારા—તુંજ
જગ્તપાળ જગેન્દ્ર વીશ્વંભર, વળી તુજ ઔંકારા
મતી અમારી દે તું સુધારી, હે પરમ જગ્ત કીતારા
સુખ કરી દુઃખ હરનારા—તુંજ.
અમને આપન કદી લાચારી. દીનતા અમારી દે સઉટાળી
ક્રોધ, મદ, મોહને દેતું બાળી, ભવજંજાળથી લેઉગારી—તુંજ

૧૦

રાહ—મુજે નાદાન તું અયે જાનનજાન.

મુઠનાદાન તું ... ... બેભાન,
અરે, ર ... મંજાણુ—મુઠ

મનમાંહે રાખી ટેક છોડન તું વીવેક,
દે નહિ કો તુંને માન છોડે ન જો ગુમાન,
ભાન ભાન જો રાખે ધ્યાન વીઠલ કહેછે આવેશાન
તો વધશે માન ઘરકાન છોડ ગુમાન એ જાણ—મુઢ

૧૧

રાહ—જબકે કલન્દર. બનબન ફીરકર બંદર લેકર આતે હુએ

સુણો પ્રભુજી અરજ કરૂં જી દુઃખ અમારાં કાપોને
ટાળી દેઓ સંતાપનો ભય સુખ ખાંતેથી આપોને
રાખો અમુને રે સુખી તમો ભક્તિ કરશું પ્રેમે—રાખો
દાન પુણ્ય કરી દર્શન કરશું અમે
કહે દાસ વીટ્ઠલ શાંત રાખો અમને તમે—રાખો

૧૨

હોળી માતાનો મહીમા

રાહ—અયેસે ધોકા દેને વાલેમયને લાખો દેખે ભાલે.

વાહરે મૈયા દયાળુ ભોળી આજે આવીછે તું હોળી
રાત્રે સુંદરતાને કેવા ભાળી, રહેછે બધા કેવા માહાળી
રાગરંગ તું દેવાવાળી, કષ્ટ અમારા લેવા વાળી—મૈયા દયાળુ.
આહા ઢમઢમ વળી ઢોળકતો શું વાગેરે શું વાગેરે
મા ઘેરઘેર તુજ કારણ શું જાગેરે શું જાગેરે,
જાગો જગ પ્રખ્યાત તુંરે, રંગઆપે માત તું રે,
દીવા જોતી રાત શુંરે, છેઠકરાળી માત તું રે,—મૈયા દયાળુ
વાહ વાહ બાળા વળી ચોમેર રહીશું રમેરે શું રમેરે
ઢમ ઢમ ઢોલ વગાડી રા[illegible] નેરે શ[illegible] ભમેરે,
તારૂં પુજન થાયે હોળી; [illegible]
જગે જગ રહીમા ભોળી.

કર મુખીરે તુ માત, નક્કીછે તું સાક્ષાત, સર્વ નમન કરીએ માત,
બીડલ પુરૂષોત્તમ સાથ, કરી, સઉ બહુ નમન અમો લઇએ જાણી
તુંને હોળી—મૈયા દયાળુ

૧૩

રાહ—સમજ ગવારી તુજે ગધેકી સવારા.

વિશ્વપતી જગદાતાર આગરજ લઉં લગાર—
ઠરૂં દશાણુથી મુગર, કરો કૃપા અતી
લઉં વૈકુંઠનું સુખ ટળે ત્રીતાપોના દુઃખ—
દાસની આવો સન્મુખ, મળે શુભમતી
કૃષ્ણ રાધાના દીદાર જોઇ આનંદ વારવાર તમ દર્શણનો પ્યાર,
અહો કમળાપતી,
"દહાડી કરૂં સ્તુતીરે હું" દહાડી સ્તુતી શાંમ,પધારો પ્રેમીનેધામ
સદા વસો મુજ મુંકામ પામું સત્યગતી.

૧૪

રાહ—નબોલો તારા તારા વો તારા હુએ ન્યારા.

જય બોલો તારા તારા, હરીશ્ચંદ્ર તારા—જય બોલો તારા તારા
છે સત્યવંતી તારા, પ્રાણપતીસારા, હરીશ્ચંદ્ર પ્યારા—જય.
સત્યહરીશ્ચંદ્ર તારા ચંદ્રથા તેજ સારા
અંતે ન થયા ન્યારા, પ્રભુથી તો પ્યારા સુર્યથી ઉજ્યાળા—જય
રહ્યું જો સત્ય અંતે સાથ શ્રી જગદીશ્વર
કરાવે કોડકુકૃત્ય તે [illegible] ઇશ્વર
[illegible]
[illegible]—જય

૧૫

રાહ—તુમ કઓન બશરહો.

તું કોણ, દુનિયાંમાં શાને આવ્યો એતું પહેલે જાણ
પછી શું હાલછે, તું સંભાળીલે, શાને તુંજ કરે વખાણ—તું
પર પંચ, નાકર બેશરમ તું ઠામીલે તારી જબાન
કેવી ઢબછે, એશું ગપરે, બાળી દેતારી શાન—તું
તું ભજ, શ્રીવીઠલને તનમનથી જેથી મળે સુખમાન
શું વીચારછે, એમાંજ સારછે, નહીતો દુખીનાદાન—તું

૧૬

રાહ—કોઈ રબકી મરજી કયા જાણે.

પસ્તાવો હવે તું કરેશાને, તારા કૃત્યો તો ઇશ્વર જાણે.
રહયો ન કોઇથી અજાણે હવે બીહે શાને પ્રભુ ગુણગાને-પસ્તાવો
શોખ મોજ કીધીતેં શાને, હકીકત મારી લે કાને,
તને રૂડું આવું નહિ કેમ માને, છકેલ થઇ પાપ તું કરી જાણે,
મગરૂરી તેં ઘ.ા ખોટે બહાને, આવીયો દુનીઆમાં તું શાને—પ૦

૧૭

રાહ—તકતક દેખી સુંદરીયા શાન.

ખટપટ છોડો ભાઇ રામ રામ ઝટપટ ભજો ભાઇ રામ રામ
તકતક તજો ભાઈરામ રામ,શા[illegible] [illegible]તપર જીવ લલચાવો-ખટપટ
પ્રથમતો સોહે રંગીલો [illegible] બીજે [illegible] બંસરીઆ કહાન
ત્રીજે સોભેરે [illegible] [illegible]

૧૮

રાહ—શાહમાં નજરપડા જાહાં જાહાં.

પાપ બસ પાપજતારો ઘાત ખરે—પાપ
દુ:ખના મારથી, નર્ક ગારથી. છેક રંક કરે
તેથી. બસ, જમડા તડપ મારી ઘરે—પાપ
માટે તુંજ, ન નામ પ્રભુજ, વીસારી દે
વિઠલ પુરૂષોત્તમ એહ ખરે ખરૂ કહે—પાપ

૧૯

રાહ—અલાદીન છોડદે નાદાની.

પ્રભુ તું સુણ અર્જમારી, ખરેછે તુજ લીલા ન્યારી.
તારી દયાવીણ પડી રહયોછું અહીંઆજ આ મુકામ,
હવેથી હું તો નજ ભુલુ રામ, જેછે રંગીલું નામ
માન વાત તું એ મહારી—ખરેછે તુંજ લીલા ન્યારી
દાહાડો ભર હું કામમાં હોવું કે બેઠો હું નવરાસે,
પીચાર લાવું જ્યારે કહાનજી મારી ન્હારે ધાસે-માન વાત
તુએ મારી, ખરેછે તુંજ લીલા ન્યારી
તુંજ રટણવીણ જીવતર બળ્યું તુંજવીણ છે સાંકાકટ
તુંજ ભક્તી વીણ આનંદ ખુશી છે ઠાલી ખટપટ
માન વાત તું એ મારી—ખરેછે તુંજ લીલા ન્યારી

૨૦

રાહ—કરમ કર મેરે હાલપર (આલકોપ.)

દયા કર જરા મુજપર તું રે હરી,
છું નીશ દીન ગુલામ તારો રે હરી—દયા

નહિ કોપ કેરી કરતું નજર,
કૃપાળુ થા પ્રભુ તુંજ દાસપર—દયા
નીત નીત પળ પળ ભજીકરી,
આવવા ઇચ્છું શર્ણે હું ચર્ણે પડી—દયા

૨૧

રાગ—અમાન તુ હામાન કો દીજીએ.

આસ હવે જાનની છોડીએ.
સ્વાર્થી છેરે સસાર મેલી પરીવાર, જાવું એકજ
વાર, નહી કોઇ પ્રાણાધાર, ફક્ત તુંજ કીર્તાર—આસ
બચ્ચાં છીએ અમો તારા નાદાન,
ભુલ ચુકપર નહી દેજે તુ ધ્યાન,
તારી અપરમપાર લીલાના વખાણ,
તારા ભક્ત જણો દેછે ઘણુ માન.
રાખીશું ધ્યાન, તુંપર, હવે જાણ, તું માન—આસ.

૨૨

રાહ—સોહાવે મુખીઆજવલી સરતાજ.—ઠુમરી જીલા.

ગોપી—શોભેછે સખી આજ કેવો નંદલાલ,
દીસે ન એવો કોઇ બીજાનો બાળ;
કેવો એ મોહાળો રે, બંસરી વાળો રે,
મોહી હું જોઇ લટક ચાલ—શોભેછે

૨૩

રાહ—ચમકી આએ ફરજંદ તોરી.

તુંજ ગતીનો કાંઇ પાર નથી,
પ્રાણુ મુજ મુખથી કથી—વીભુ

જગત દેવ કરૂ સેવ વીશ્વ બંધુ જગ ત્રાતા,
દીન થઇ હું બોલું મુજ પુરીપાડ પ્રભુ સંતા—વીભુ
પ્રહેલાદની વ્હારે ચડયાતા હે ઇશ પરમેશ્વરા,
નૃસિંહાવતાર લીધો તમે ઓ સાહેશ્વરા—વીભુતળ

૨૪

રાહ—મારે પડે હમ પ્યારી કૃષ્ન કે.—ગોપીયો ગાયછે.

નહી રીસ ધરતું ઓ પ્યારા કહાનુડા
પ્યારા કહાનુડા, મોહાળા કહાનુડા—નહી
કદી ન રીસાવતું, દીલ ન દુખાવતું,
ક્રોધ હવે છોડ રીસ, વીસારી કહાનુડા—નહી
છોડીએ ન સાથ તુંજ, આવીએ સંગાથ તુંજ,
વિણ તુંજ, ન ચેન કૃષ્ણ, જ પડે કહાનુડા—નહી.

૨૫

રાહ—અરે મુવે છોડ મોરી બાંહીરે મુરકીયાં.

પ્રભુ અરે પુર હું આતુર છું તમ ભાવમાં;
શોભીત મુરતી, દીલ રીઝાવે અતી,
તમારી મધુરતાસમ ન દેખું અન્ય દેવમાં—પ્રભુ
મનમોહે અતી, તમ દર્શણ થકી,
દાસ તમારો, ગાઇવર્ણવે ઘણા વ્હાલમાં—પ્રભુ.

૨૬

રાહ—હજાર શુક્ર હુએ ખુદાએ દો જહનકા.

પડે અંતે અસત્ય કદી ચઢે જો શીખરે,
રહે ન પ્રભુ રહેમી સદા તેવાજ નર
શો ફુલ્યા ફુલ્યા ફરી હાય કુપમાં પ

તમને આવો માણી વખત ઘડી ઘડી ન જડે;
જન કરશે તેવું ભરશે, વળી ખણશે તેજ પડશે,
જુવો જગતમાં જે બને બનાવો નજરે;
ધન્ય ધન્ય છે પ્રેહલાદ, શાબાશ ધ્રુવરાજ,
જય થયો, વ્હાર, કરી શ્રી વીઠલે—ખડેછે.

૨૭

રાહ—ચલન કરભલે માતાબાત સુનતું લે

પ્રભુને ભજીલે, તોજ તું સુખી થશે;
જાણી લેજે હરહર પળ સદા—હાં
સૌ નરનારી, તાબેદારી, થીરટવાં થયાં પેદા;
લાગે જો શીખ સારીમાની લેજે તું ભલે—પ્રભુને.

૨૮

રાહ—બદકારી જારી કરને જો આયે.

વીષ્ણુ શંકર અમો ઊપર કરો મેહેર—રે મેહેર
કરેલ છો તમો, અકળ, ગતીઆં,
લઇએ તમ નામો રૂડીપેર, જેથી લ્હેર—વિષ્ણુ.
દાહાડી દાહાડી, દર્શણ દીયો, અમને,
સદા વર્શાવો લીલાલેહેર, અમઘેર—વિષ્ણું.

૨૯

રાહ—સુન આયે દીલદાર ગુલરૂ ખસાર જાને મન.

જરા સાંભળ, પ્રભુ તું ધ્યાન, મારૂ માન.
વ્હાલી છે રે મુજની શાન, મારૂ માન—જરા.
નવીશાવજે મુજ, નીરાધારપર, [illegible]
કદીનવ ભુલીશ તુંજે આભાર, મારૂ માન—જરા

કરે છુટું જો કોઇ મુજનું, શરીરથી ધડ,
કરૂ, નહી, તેનો બી હું ડર, મારૂ માન—જરા.
ખરે સુણ અરજ મારી, અરે ભગવંત,
આણુ ઉછરંગે દુઃખનો અંત; મારૂ માન—જરા.

૩૦

રાહ—મયતોરે વારી વારી તન મન ધન સબ તજકર.

અહો પ્રભુ પ્યારા પ્યારા એજ તન મનથી હું વારૂં;
સુંદર સુંદર કેવો કેવો જન્મ આપ્યો તેં
તન મન ધન સર્વ દીધું—અહો.
બાળક વચન મારા શુભ કરી સત્ય માન,
પ્યારા કહાન, પ્યારા કહાન, પ્યારા કહાન, સુણ સુણ;
શુભ કર હર ઘડી, સુખ કર દુઃખ હરી; સત્ય નર, નટવરી,
લક્ષ્મીકાન્તી તુજને વરી, ઓ વ્હાલા વ્હાલા મારી વાત તો તેં જાણી;
મારી અર્જ લેતું માની, પ્યારા પ્યારા પ્યારા—અહો.

૩૧

રાહ—હુએ તુ લાલએ ચમની

પ્રભુ લીલા તુંજ સુંદરી.
લાગે છે જેવી ઇન્દરી, પૃથ્વીમાં બસ ગતી તુજ ખરી,
દીસે અમને—હમેશ ચંદરી—પ્રભુ.
દુર કર કષ્ટ સુખ કરી દુઃખ હરી,
હર હર પળ નીત નીત ભજી કરી,
તન મન ધન અમે સહુ તજી કરી
મન મન અમ શુધ રાખીયે ઠરી ઠરી—પ્રભુ

૩૨

રાહ—ખબર જો દે ચુકી પરી તું હમેંકા.

અરે ગાઓ ગાઓ ગોવિંદજીને. જેથી ભવસાગર તરીઅ.—
કામ, ક્રોધ, મદ, લોભ, સર્વ આપણુ અ[illegible] કરીએ;—ગાઓ.

માયા મમતા મેલીજ સર્વ, ફોકટ ફંદમાં નવ ફસીએ,
હરતા, ફરતા, ડગલુ ભરતાં, હરીજ વીઠ્ઠલ ન વીસરીએ;—ગાઓ.
રામનામ પ્રાણ જીવન, રૂક્ષ્મણી નાથ રણછોડરાએ,
જાગી, માગી, પાયે, લાગી, હરખે હરજીના ગુણગાએ—ગાઓ.
ભજજે માટે તું વનમાળીને, હું તો કહું વીઠ્ઠલરે આંહી,
રંગ, ઉમંગ, ઢંગ, ચંગ, થીતાલ બજાવી ગાતું પ્રીજરાએ—ગાઓ

૩૩

દીવાળી મહીમા.

રાહ—ગુલ ગુલ ઘુન બીન ખારકે નહો કોઇ જહામે.

વાહ વાહ કાળી હમ માતરે તું હો મૈયા દીવાળી.
દીસે ચૌદશે સાક્ષાતરે, તુંહો મૈયા દીવાળી—વાહ વાહ.
હર્ષે બાળાઓ ફટાકા ફોડે,
બંદુક બપોર કોઠી છોડરે, તુંહો મૈયા દીવાળી—વાહ વાહ
પ્રત્યક્ષ તું માતા કાળી કહેવાય,
વહીપુંજન સઘળે થાયરે તુંહો મૈયા દીવાળી—વાહ)
જગો જગનામ તારૂ રસીલું,
સ્થળ જળતું પ્રખ્યાતરે-તુંહો મૈયા દીવાળી—વાહ વાહ.

૩૪

રાહ—ઓ તેરી મદદપરહો કીર્દગાર.

પરમઇશ્વરને હમેશ ભજીએ,
રમતા હસતાં તેને યાદ કરીએ
શોક ચમનથી સદા પછે ફરીએ—પરમ.
તનપર સુખ દુઃખ સદા સહીએ,
મન ખુશ રાખી દોહયેલો ભવ તરીએ,
દોહાડી કદા દુશ્મણોથી ન ડરીએ
સદા પ્રભુ કોપે દીલથી ડરીએ.—પરમ.

૩૫

રાહ—મોરી ધુન સુનો સુનો.

તુજ કૃત્ય કરીને નથાતું ઘણો અચરત,
શોભીશ તનથી, મન ગુણથી, અન ધનથી,
સત્ય ચલણથી; ન તો થશે હરકત;—તુજ
રાખેજો એક નેક ટેકે સત્યમત,
હરીશ્ચંદ્ર જેમ થાય ન હરકત,
નીત્ય નીત્ય પળ પળ કૃષ્ણ હરી સમ તું,
છેવટે દુઃખનો'ય ખરેખત—તુંજ
અંતઃ સુધી કરવુ પરમાર્થ કામ,
દ્રવ્ય કાજ કદીન દેવુ નીચ નામ;
રાખ બસ આસ એક કીર્તારથી,
સફળ થાય સર્વ કાંઇ તેજ સૃજનારથી—તુજ.

૩૬

અંબાજીની સ્તુતી.

તુન કુમલા જીયરવાઓ પીના મોરા—એ રાહ.

મણમું તમને ભવાની હો માતા મોરી
શોભા અતોષય સુર્ય ચળકાટે, ચુડોચંદ્ર સમાની
તમારા ગુણ ભાવે વરણવીયે, ભકતી દો મનમાંની
મન કામના મારી સફળ કરો, સંકટ હરો મેહેર આણી
દાસની આસ નીશ્ચય પુરો દયા કરો રંક જાણી
શરણ ચરણ રાખો જુગતંબા, માનીલ્યો અરજ ના'ની

૩૭

રાહ—મેરે ગમકા તરાના.

સુણો મળજી પ્યાર અમૃદાસ તમારા, સાંભળો અરજ આજ
અર જગદાતારા વિશ્વ કર્તારા, અંમદાસ તમારા—સાંભળો

હરીશ્ચંદ્રનો બેટડો જે હતો નામે રોહીદાસ,
સત્ય કાજે દુઃખ સહ્યું તો અંતે ન થયો નિરાસ,
સહયાતા દુઃખ ભારા, હતોતે નો ઘારા, અમોદાસ તમારા-સાંભળો.
ઠાર કરવા ચંદાળોએ હુકમ કીધો તો સાર,
હરીશ્ચંદ્રે સત્ય કાજે દયા ન લેખી નીજનાર,
ઉપાડીતી તરવારા, ન જોયું સામું તારા, અમદાસ તમારા-સાભળો.
વંદું વંદું તમને દેવ કૃપાળ કરૂં પ્રણામ લાગી પાય,
રાખી રાંમ સદા ફરે તેની નિશદીન કરોછો સ્હાયે,
દીનાનાથ અમારા, નોધારના આધારા, અમદાસ તમારા—સાભળો.
હવે અમે સૌ નરનારી બસ રટીશું ભાવે હમેશ.
સુખાસનનું ઠામ જડે જેથી વાધે ન મનમાં કલેશ.
જરૂર હમે દઈએ, તુંજ નામ હરીએ, સમજી સમરીએ માનજો
અરજ આજ,—સુણો.

૩૮

ઓ નામવર તેરે નામપર પયજાર રાહ—અંગ્રેજી.

ધરમરાજા—દુર દુર દુર થાતુ નીચ ન બેહેતર,
નર્ક ઊંડો ખાઇમાં વસાવ તુંજ ઘર;
પાપી માનવો—ઓ ભકત તારણ હાર, તું મુજને બાહાર કાઢ;
આ પાપી ઉઠાગાર, માંગી નક્કી મુજને તાર

૩૯

રાહ—શેહેનશાહ જીજાહ આલીમદાર બ્રહુન્સ મંસનવી.

વિવેક તુ રાખ, ઠરી બેસશે
લઈલે તત્વ ઝટ, દાહાડી દુઃખ જશે
સદા દુઃખ તારૂં, પરમ ઇશ હરશે
રહીશ જો શરણેએને, શોચ નહી થશે
તદાપી આડ રાખે, મદન ~~મોહનને~~
દામોદર આવી તારા, સર્વે દાષ હરે.

૪૦

રાહ—તુન કુમલાજી ચરન.

વ્હાર કરતું મારી, ઓ ગીરીધારી—વ્હાર
સુખરે આપી, દુઃખદે ટાળી—વ્હાર
તરૂણનો તું મેરૂ બનાવે, કરે પળમાં વાત સારી—ઓ
અતી હરખ મુને વાધેછે અંગે, ગતી તારી અપારી
સપ્ત ખંડમાં તુંજ વ્યાપી રહયો, પ્રસીધ્ધ તું મોરારી
હું અહંકારી કાંઇ ન સમજું, દે તું ખોડ મુજબાળી
કહે વીઠલ તે તો વારંવારી, નથી બીજો સ્હાયકારી.

૪૧

(ઝીંઝોટી—જુગની) સુણો શાહએ બાત હમારી.

જમ—સુણ દુષ્ટ તું વાત મારી, ખચીત ભુલી ગયો'તો હરી,
તું ભોગવ હવે ભયંકારીરે,—ઓ નીચરે કમજાત.
માનવી—લાગે એ સ્થળ મુજને ભારી,
એમાં વેઠીશ દુઃખ-ભયકારી,
નજર નાવે સારા નર નારીરે—સુણ
જમ—કદી લેશે ન હરી ઉગારી, પ્રથમથી વાત ન વીચારી,
હાથે કીધું તે લે હૈયે મારીરે—સુણ

૪૨

તુમ આઓ જો ચારો જવાન—રાગ કહાડવો.

માનો માનો તમારે સાચ, ખોટું કીધાથી લાગશે આંચ—માનો
દીલ રાખીયે ખુશ શીખ ન વીસારી, ખરૂં છે એ સુખનેકાજ-ખોટું.
વળી ઉમંગ ધરો એ અંગે, ... ન દો ... -ખોટું
વીઠલ પુરૂષોતમ હો દયાળ, કહે માનો તો પચશે સાચ-ખોટું.

૪૩

કાહે ખીજર બન બન ઘુંડે—ઝીંઝોટી ઠુમરી.

પરમ કૃપાળુછો પરમેશ્વર હું નીરખળને શું ઝુરાવેરે,
રસ્તો નથીરે જડતો સુખનો દુખથી મુજને પીડાવેરે—પરમ.
શોકથી નીશદીન રૂદન કરૂછું કેમ દયા તું ન લાવેરે,
તડકે તાપે બહુ બહુ ભટકયો. ત્યાંએ સહુ ડરાવેરે
મહેરબાન થઇ કર તું કૃપા દુઃખથી ન કેમ છોડાવેરે
દાસ તો હુ નીશદીન છુ તારો, વ્હાર કરવા કેમ નાવેરે—પ

૪૪

પ્યારી ખતા મઆફ કરો—રાગ પહાડી.

ઓઇશ તેં દુઃખી કરયો કોપ અતી ફરી,
હવે તો દુઃખી આહાલતથી દે સુખી કરી—ઓ
હવે તો દુઃખ ન પાડતો રેહું ગરીબ પર
અક્કલ હીણહું, થયો જે દીધો તુંજ પરહરી—ઓ
ખરે કર્મના લેખની બીના બની ખરી
શિવાય આવું ન બને, સાચી એ વાત ઠરી—ઓ
હમારો પાળક ટાળક છે દુઃખનોરે તુંજ,
માટે સુખી તુ કર હું દીનપર દયા ધરી—ઓ

૪૫

જીન સુખ પલીયાં ગુડીયાં—કલ્યાણ લાવણી.

ગાઇએ હળીને સાથે મળીને ગુણ ગીરધારના તનમનથી,—ટેક.
ભક્તિ કરીએ સદા પ્રેમથી મોક્ષ મળે ત્રીભુવનથી
શક્તિ ભારી ગીરધારીને, કીરતિ મળે તેના ભક્ત જનથી—ગાઇએ.
રામ નામ સમરીયે સદાજે સુખ મળે સુર વિમાનથી
રામ રામ ઝળ ઝળ વ્યાપી છે દુઃખસમે તેજ ભગવાનથી—ગા.

૪૬

મય જગાયે હારીરે—સીંધ ભૈરવી ગજલ.

પ્રભુ ત્હારે ચુઠરે, દયા કર અવીનાશીરે—ટેક
શોભાવ સેવકોને વાધે શાબાશીરે.
તમ કરૂણાથી થઇશું સુખ વાશીરે—પ્રભુ

૪૭

જોતુ ખ્યારી—રાહ અંગ્રેજી.

કરણી જેવી ભરણી તેવી એવોછે જગ્દીશનો ખેલ
જેવું વાવો તેવું લણો તેવોજછે દુનિઆનો મેળ
ઇચ્છો સારૂં થાએ નઠારૂં હોયે કદી પાપમાં દુભેલ
રામ રાખે તેને કોય ન મારે પામેજો પોતાની પહેલ
કરના તું માન ગુમાન—નો મળશે વીમાન
દુર રહે શૈતાન—થી નહિ તો બદનામ
કર ધર્મ તું નાદાન—લઇલે તું એ જ્ઞાન
સભારની ભગવાન, શુભ દહાડા—તું તો ઠેલ ..કરણી

૪૮

અએ દાવરે સમદ મદદ મદદ મદદ—રાહ અંગ્રેજી.

*વંદુ છું જગ્તપતી તું દેજે સન્મતી,
સદાએ શુભ, દર્શાવી મુજને આપ મોક્ષ ગતી;
સર્વો પરીમાં છે તું અતિ દીન દયાળરે,
રાત દીન મમસાથ રહી તું દુઃખ ટાળરે,
વીઠલ, દાસ તારો ગાય છે તારી ખુબી ઘણી,
નીવારી દોષ સર્વે મારા કષ્ઠ કાપની.—વંદુ છું.

૪૯

ઝીંઝોટી ગજલ.

મય જાનતોથી સબ પરાયોસે.—એ રાહ.

ભજો પ્રભુ પ્રેમે દીલમાં દુખ ના ધરો,
મીથ્યા આપ કર્મની પીડાને પરહરો.—ભજો.
બળીયામાં છેશકિતરે તે જગ્ત નાથની,
ત્યાં ન ચાલે પરાક્રમી મનુષ્ય જાતની—ભજો.
પામશો અતી સુખ રે સાર લેવો ગ્રહી,
કીર્તી વ્યાપે જગમાં ઠામો ઠામે સહી—ભજો.

૫૦

રાહ—હાલ સુન અએ સમનપરી—ભૈરવી ગજલ.

પ્રભુજીની ભકિત કરી, કપટ ધરો નમન જરી,
રહેમ કરશે તે હરી, નહી તો થુ થુ થશો શહી—પ્રભુ
શોભીત વાંન્છીત દર્શ વળી, ભકત રક્ષક શીરોમણી,
તજને કામ, ધરીને ધ્યાન, દાન દીયો દયાકરી—પ્રભુ
મટે દુઃખ ગાઓ શ્રીરામ, ભગવત ભજો નિર્ભયથઇ,
દાસના દોષ નીવારે સો, હેત કરે હરી ઘણી—પ્રભુજી.

૫૧

અએ બાદે સબાજા ચમન ચમન ફીર.—એ રાહ.

અએ શંકર સદાશીવ માતતું, તાતતુ, નાથ અરે માહારા
હું નમ્ર થઇ વિનવું, ગુણ તારાહાં,—હું નમ્ર થઇ વિનવું—અએ
ઓ શીવ શીવ સુણતું, અરજ માહારી અરે હો વ્હાલા,
મુને સાહ્ય કરો સદા નંદ—રે આનંદ. હાં મુને સાહ્ય કરો.સદાનંદ.
મને રાખજે એક, નેક, ટેકથી ઓ તારણ હારા
મોક્ષ દઇ મુને લેતું પાસ,—છે આસ, હાં મોક્ષ દઇ મુને લેતુ
પાસ—અએ.

૫૨

દીલ બશરકો દેકે —એ રાહ. ભુપ કલ્યાણ.

ધાશે રે પ્રભુજીતો વ્હારે ધાશેરે,
ગાશે જો, હરીના ગુણ ગાશે રે—ધાશે.
ચીંતા ન ધરી મન પીડામાં ન રાખશો,
જાશેરે, સૌ સંકટ દુર જાશે રે—ધાશે.
પાપ છોડી જો પુન્ય હાથથી કરશો,
નાસશેરે, જમદાતો દુર નાશેરે—ધાશે.
શાણાઓ સમજો કહે વીઠલ આંહીરે,
થાશેરે હરી ગાશો તો ભલુ થાશેરે—ધાશે.

૫૩

ખુશ રવા તેરે મઓાતાજ—એ રાહ ઝીંઝોટી લાવણી.

પરમેશ્વર કરજો સહાય તમો જલદી પ્યારા,
રઝડી રખડીને ફરૂં વિનઆધાર તમારા;
શોક કરે ઉત્પન્ન થાય તમો વીન આંહી,
તમને સ્મરતાં દુઃખ જાય કયાંયનું કયાંઇ;
મને હળી હળ વ્યાપે છે સ્નેહને વલી મોહ,
ના સુજે કામ કાજ જાણે ભમાવેછે કોય;
ત્રણ ભુવનના છો નાથ તમો સૌને વ્હાલા,
વીઠલના સ્વામી તમો છો છેલ છો ગાલા.

૫૪

તેરા શુક્રો એહશાન—એ રાહ માલકોષ.

પ્રભુ જગ્ત પાળ, નમું હું આવાર;
રટું તુજ નામ, નીહાળી અપાર—પ્રભુ.
શોભે જગત ધામે, તુંજ ઠામોઠામ,
તને કરૂં નમન, વંદીવારંવાર—પ્રભુ.
મહીમા તુજ ઘણો, ગાઉ હું કીરતાર,
દયાળ! તુંજ કૃપાથી, પામીશ શુભસાર—પ્રભુ.

૫૫

શાહુજબ મય નીકલા ઘરસે.—એ રાહ

વિનવીએ બજરંગ ઘણા પ્રેમથી તમે તો છો ઘણા હીતકારી,
ઠગ લોકોથી દુર રાખો તમો ભક્ત જનોને ઉગારી;
લક્ષમણજીને માટે પ્રેમથી દ્રોણાચળ પર્વત લાવ્યા,
દાખવી શુરાતન તેજ વખતે, અંત્રીક્ષથી પાતાળ આવ્યા;
સારસ આંકડાની માળ શોભે છે અંગે ચઢે શીંદુરને તેલ,
પ્રણામ કરીને મુદ્રીકા આપી સીતાજીની કરી'તી પેહેલ;
શોભા તમારી કહી નવ શકાય તમ વજ્ર દેહ બજરંગબાળા,
તમ ને વારંવાર નમન કરીએ, છો વાયુના સુત અંજનીલાલા.

૫૬

ખ્વાર ખ્વાર ચારોં ખ્વાર.—રાહ અંગ્રેજી.

જય, જય તરે ભવ પાર ઇશં ભજે તેનો જયકાર,
વીઘ્નનો થાયે સંહાર, ખુશાળીનો ન રહેપાર.
ધરોને હરીનુ ધ્યાન, કરોને ધર્મ દાન,
ખરે આણ, ફરેજાણ, વળી અંતે વીમાન.
કહે પુરૂષોતમ દયાળ, સુણોરે આણી વ્હાલ,
પ્રભુ કૃપાળ, લે સંભાળ, દુર કરીને ઝાળ.

૫૭

રાહ—આહા આહા બકાવળી જાન આઇરે.

જાણ જાણ જાણીલે જગદીશ જલ્દીતું—જાણ.
મળશે નીર્ધાર પ્રભુ વિશ્વંભર જો ધરે મન માંહી,
પુન્ય કરો દોષ રહીત થઇને રહે તું આંહી—જાણ.
જુઠ ન માન સત્ય જાણ હરી પીછાણ તું ભાઇ,

સરસ સરસ કૃત્યો કર ન કરતું કુડાઇ—જાણુ.
પ્રભુનું નામ છે સૌથી મોટું અધિક ન એ સમાની,
પરમ હેત રાખ સમેત લે તુ જન્મામાંમાની—જાણુ.
માટે સૌ ગોવીંદજીને ગાઓ છોડી મન ઉચાટ,
ઘુમ ઘુમ ઘુંમ ઘુમ રૂમ ઝુમ થુમ થુમ ઝુમક ઝુમક ઝણુણાટે-જાણુ

૫૮

ચંદર મુખ સુંદર તન સુણતુ ઓપરી.—એ રાગ

દમકત મુખ ચમકત તન સુણ તું ઓહરી
જાણુછે હમ પાપીના અવ ગુણ તું ઓહરી—દમકત.
નીત્ય અનીત નમિતની રીતથી ભાળીએ તુંજ હરી
તુંજ વિનમ્રમ નિશદીનપણ કહીએ ફરી
કહેછે વિઠલ પુરૂષોતમ દાસ કર ગ્રહી
ઝટપટ, હવેથી, સટસટ, ભકિત તારી, આપદાંડી,
કરીએ સારી, તુંજ હવે જરી—દમકત.

૫૯

ગુલે ગુલ ઝાર નાઝોરાનાઇ—લાવણી.

પ્રભુમેં વાત તારીતો પીછાણી, તુંછે અંતઃનો દીલજાણી—પ્રભુ.
તુછે તુંછેરે પાળક મારો, તુંજ છે છેવટે ખરો તારનાર,
ભગવત તારી પ્રીત ન છોડું, કદીકો મારે તરવાર,—થઇશ નહી
હુંતો અજ્ઞાની, તુંછે અંતનો દીલજાણી—પ્રભુમેં વાત.
સત્યપણું નહી મુકું હું હરી, પ્રાણ જાય તોયે શું થાયે.
દોષિત હું તો નહી રહું કદી, ભુલાવે જો બ્રહ્માયે—રહીશ
હું ધીર તુજપર આણી—તુંછે અંતઃનો દીલજાણી—પ્રભુમેં વાત.
જાણો જાણો વિશ્વંભર દીલથી અરજ કરૂં છું તમને સાચ;
કપટ કદી રહ્યું જો મુજમાં તેની બાળજે તું આંચ, કરીશ
નહી હુંતો નાદાની—તુંછે અંતનો દીલજાણી—પ્રભુ મેં વાત.

૬૦

દીલદારી કીનીરે—કલ્યાણી ઠુમરી.

પરમેશ્વર સ્હાયરે, તું તો કર અમોપર.
તનનાં કપટીયાં, મનનાં ગપાટીયાં, નક્કી હીયાં, કાઢી હીયાં.
કામ ક્રોધ મદને મોહ ન રાખ્યેરે—પરમે.
રાખજે સેવકોને અતિ સુખકારી,
જય વિઠલ પુરૂષોતમ વારી,
વિશ્વરાય, ન બુરાઇ, દે ભલાઇ, અમો ગ્રહીયે તારી બ્હાંયરે-પરમે

૬૧

રાહ—શાદીકે ચમનમે હુએ ફુલખીલે.

સત્યનોં સદાયે બેલી ઇશખરે, ઇશખરે, ઇશખરેરે;
જાણુ તે જીંદગી તક સુખેફરે, સુખેફરે, સુખેફરેરે;
ટેક નિયમરે, સાથ આવેરે.
નીશદીન કરે સુખ, દુર નાશે તેથી દુખ,
કપટ સદાએ, નર્કમાં જાએ, સત્યમાટ, તારનાર, ઇશખરે.
સઉ જાણો સુણોને આવાર; સુખકરા, અમરા, સચરા,
ભુધરા; વીશ્વનો તેજ પાલણુ હાર, દુખહરા, જુઓ જરા, ઇશખરે.

૬૨

રાધા પુરૂષોતમના લગન વખતે ગોપ ગોપીયો એક બીજામાં ખુશી થઇ ગાયછે.

ચલો આ જાવો દીવાર પરસે—રાહ અંગ્રેજી.

આજ તો રંગ રાગથી ખુશી થઇ નાચીએ તાલ બજાવીયે.
ગોપ ગોપીયો અરસ-પરસમાં નાચી કુદી રંગ મચાવીયે,
પુરૂષોતમ રાધા સંગ લઇ મધુરાં મધુરાં ગીત ગાઇએ.

ખુશી ચમનનો દીન આજ છે ધુમ, બસ. ધુમ.
વાહ, વાહ, વાહ, રંગ, છે, રંગ,
દુખ સર્વે ભુલી ગયા હવે ગાઓ કરીને દમ,
લગનનું હીયાં જોડું મળ્યું છે રાધા પુરૂષોત્તમ.
નાચો કુદો સર્વે આપણે ખુશીના ગીતડાં ગાઇએ—આજ.

૬૩

રાહ—કરબચાંતુ અબતકથી કહાં નીહાં.

સપ્ત ખંડનો ઇશ તું એક જરૂર.
છેતું ખરે, સર્વ ગુણે, સદા ભરપુર.
અદ્દભુત, છે, તુજ, ખુબી, માં નથીરે કસુર—સપ્ત.
તુજ બ્રહ્મા, તુંજ મહેશ, વિષ્ણુ હજુર,
કહેછે દાસ વીઠલ મુજ સંકટ કર દુર.
અદભુત, છે, તુજ ખુબી, માં નથી કંઇ કસુર—સપ્ત.

૬૪

રાહ—ગીરધારીરે, વાત કહુંછું વીચારો.

જુવો ભાઇરે, સ્હાય કરે મુરારી, પુરે આશા સૌ તમારી-જુવો
થાશો ફજેતરે, પેટમાં પરપંચપાળી, ઉર અંતર જરૂર ધારી-પુરે
ખોટી કર્મની ગતીછે તમારીરે,
સ્મર્ણ એનુંજ કીધેથી લે ઉગારીરે;
શાણા સમજુરે, અન્ય ખોડ દીયો બાળી ટાળી;—પુરે.

૬૫

સાંભળરેતું સજની મારીને રજની કયાં—એ રાહ.

પરઘર કામ વીના નવ જઇયે ને ભાવે ભગવંત ભજીએજી,
રસીલા રામને કદીન વિસર્ય, દુષ્ટ કર્મો તજીએ-ખરે ખરૂ માનોજી.
શોભા શાસ્ત્ર ધર્મ આચારમાં સત્યપણું આપણુ પેખીએજી,

તજી દુરી જન લોકોને કદી રંડાનું ઘર નવ દેખીએ—ખરે.
મનમાંથી માયા મમતા છોડી દીલમાં જ્ઞાન દીપાવોજી,
દાસ દયાળ, કહે હરી કીર્તન કરી, નત્ર ભાવ નીપાવો—ખરે.

૬૬

રાહ—પ્રેમની પ્રેમની પ્રેમની રે મુને લાગી કટારી પ્રેમની
(ગરબો ત્રણ તાલીનો)

પ્રસન, પ્રસન, પ્રસનરે પ્રભુ, તું થા અમોને પ્રસંન.
શોક તુંજથી ટળે સુખ તુંજથી મળે, દે અમને તું દરશનરે-પ્રભુ
તને સ્મર્યાં વીણ ચીત અમારૂં ભમતું, એવો તું મોહાળો કરશનરે.
મનના કપટ, કર્મો છોડી દઈ, છે આસ થવા હરીજનરે—પ્રભુ.

૬૭

કુંવરી કુંવર મારા લાડકા—એ રાહ.

પસ્તાવો શાને કીજીએ, પાપી છઈએ અપાર,
રહીએ જો માર્ગ ખરાબમાં, જડે નવ કદી સાર—પસ્તાવો.
શોખ ન કુડા કર્મનો, રાખીએ મનમાં આસ,
તજો એ બુરાં ફળ ચાખતાં, નક્કી થઈએ નીરાસ—પસ્તાવો.
મટશે ન સાત સાગરતણાં, જળ થકી અંગ ધોય,
દાસ દયાળ કહે કર્મોરે, બુરા નવ જશે તોય—પસ્તાવો.

૬૮

લલીત છંદ.

વીશ્વના અચળ સત્યનાથરે, સ્તુતિજ કીજીએ જોડી હાથરે;
ઠરીને બેસશું તમ સેવા કરી, તમો તણો બહુ આશરો હરી.
લઈ મતિ દીન, નામ તમ તણું, સુખે ઉચરશું, મુખથી ઘણું.
[illegible] ન દુઃખ, સુખ [illegible], અહો દયાનિધિ, કષ્ટ કાપશો.
[illegible] ધારણા પુરી પાડશો, બુરા ફંદથી દુર કાઢશો.

૬૯

રાગ—કલ્યાણ.

નમન હેમ ઉરધર, કષ્ટ હર શંકર,
નિલકંઠ ગંગાધર, ગણ નાયક ઇશ્વર;—નમન.
જગત તારણ કર, અખિલ મારણ હર,
દારૂણ દુઃખ ભયહર, સુંદર મહેશ્વર.—નમન.
હર હર હર હર, શીવ શીવ શંકર,
સુખ કર અઘહર, ચરણ શરણે ધર.—નમન.

૭૦

રાગ બનજારા—હુઇ સુબ્હા નીકલ ગયા.

સુણ અર્જ તું વિશ્વરાયે, તુંજ દયા થકી સુખ થાયે—સુણ.
ભક્તી દે તું મેહેર આણી, નમિએ રાખી બુધ્ધિ શાણીજી,
પ્રભુ પડીયે અમો તુંજ પાયે.—તુંજ.
આ અસાર છે સંસાર, સર્વે મોહ રૂપી જાળજી,
પણ અમો તો ગુણ તુંજ ગાયે—તુંજ.
માન તું કૃપા બહુ કરી, તુંને જઇશું કદી ન વિસરીજી,
છે અગણીત તુંજ મહીમાયે.—તુંજ.
તું સચીદાનંદ હો સ્વામી, રહયો ઘટ ઘટમાં તું જામીજી,
અમો બાળ, બુધ્ધિએ ગુણ ગાએ—તુંજ.
તુજ વીણ સ્વપ્ના જેવું દેખાયે. માટે સૌને કર તું સ્હાયેજી,
વ્હારે ચઢતું જાદવરાયે—તુંજ.

૭૧

જુઓ પેલી ચંપેલી—અંગરેજી રાહ.

ઘરોરે ખુશાલી, આનંદની હેલી,
ખરે ભક્તજનનો, પ્રભુ સાથ બેલી;
તન મન રાખવુ શુધ, નહી વાત એ સ્હેલી;

ખુશ દીલથી, ગોવીંદ-ગીત ગાઓ ગાઓ ગાઓ.
છુમ છુમ છુમ, ઘુંઘર કંઇ વાજે,
સારંગી સિતાર, પર મીરદંગ ગાજે;
થેઇ થેઇ થઇ કાર, ભકિતને કાજે;
વીઠલ કહેછે ભાવે હરી, ગાઓ ગાઓ ગાઓ.

૭૨

કહું શું નસીબે દુખીઓ કીધો છે—એ રાહ.
પ્રભુજી અરજી દુઃખની સુણોને, સ્હાય કરી અમ શત્રુ હણોને.
શો થયો છે વાંક, ગુન્હો અમારો, શાનેવીતાડોવીપત્ત રંકજનોને.
તમો જ્ઞાન આપો કરવું શું એવું, દયા કરી સુખી કરો અમોને.
મનથી કદી તુજ નામ ન ભુલીયે, કહે કરંગરી બાળ વિઠળ તમોને.

૭૩

મોહોલે પધારો માહારાજ—એ રાહ.
જાગ જાગરે મુઢ અંજાણ માનવી તું જાગ જલદી.
ઝટ ઉઘાડ તારા આંખ કાન, માનવી તું જાગ જલદી.
શું થાયે આમ બે ભાન, માનવી તું જાગ જલદી.
ભકિત કરતી વખતે મન કેમ મુઝાય,
તલપ તલપ જીવડો જશે ત્યારે લાગશે અંતર લાય.—માનવી.
સમજું શાણો થઇ જા, નતો અકળાઇશ તે વાર,
ઘડી ઘડી પળ પળ ખુટે છે, હજી કર કંઇ વિચાર.—માનવી.
ગુન્હાગાર થઇશ તું ખાઇશ જમનો માર,
વીઠલ કહે નહી તાહેરો, થશે કોઇ સ્હાયકાર.—માનવી તું.

૭૪

ધનાશ્રી ગજલ—વીનતી ધરજો ધ્યાન સજ્જનો સહુ વીનતી.
[illegible]

શોભીત સંપતી સુખ અવિચળ આપો, રાખો ન દીલથી ઉદાસ.મ-
તમોને જાણ્યા વીન જીવ અકળાઈ, જાયે છે પાતાળ આકાશ.-મ
મનોર્થ અમારા સફળ કરજો, જેમ ભક્તોમાં થયા શાબાશ—મ૦

૭૫

રાહ—છે જન પાળક ટાળક દુઃખનો.

વીશ્વંભર જગ વ્યાપીક સઘળે, છે તુજ ગુણ અપાર,
ડરવાનું તું આપે ઠામ, સંપજનું છે તારૂં કામ,
લક્ષ વસા તારી અમને હામ, સારી દુનીયામાં એકલો.
દામોદર તું અકળ ઇશ તું, નમીએ તુજને આવાર,
સઉનો છે તું પ્રતિપાળ, હમો છીયે તારા બાળ,
અમો પર રહેજે સદા દયાળ, ગુણ ગણીયે તુજનો કેટલો.

૭૬

કુંવરને હાલરડું વ્હાલું—એ રાહ.

પ્રભુ મુને સુખ દે તું દા'ડી;
સુખ કર્તા તુજ, દુખ હર્તા તુજ, દુષ્ટ કર્તા હુંજ
એવો હું પાપી અનાડી—પ્રભુ મુને.
અખિલના નાથ, જોડું હવે હાથ, ન છોડુ તુજ સાથ,
દે મુજ દોષ, તું કા'ડી—પ્રભુ મુને.

૭૭

લાગી છે પુરી આથી લાય-એ રાહ.

કરજે પ્રભુ તુંજ સ્હાય. સ્હાય મુને પ્રેમથી કરજે પ્રભુ તુંજ, સ્હાય.
ધર્મના કર્મો હું ભુલ્યોજ સહુ, ફોકટ ફંદથી ફુલ્યોજ બહુ.
ક્ષમા કર લાગુ હું પાય, પાંચ મને પ્રેમથી૦
લાજ છોડી મોટે દુખીયોરે થયો, મોજ શોખથી [illegible]

હરી ધર હવે મારો રે હાથ તું,મોરલીધર હું છોડીશ ન સાથ તું,
વ્હાર કર તુ જાદવરાય;—રાય, મને પ્રેમથી૦

૭૮

ન તો મારી દમડી પાછી દે—એ રાહ.

પ્રિય પ્રભુનુંજ ભજન તું કરી લે;—પ્રીય—ટેક.
વાડીને ગાડી પૈસો ને હીરા, કદી દીલમાં ન લાવ મોટી એ પીડા,
જાણો હરીજ ધન, એજ તનમન, દેશે સુખાસન;
દિન દિન તેના દર્શણ કરી લે—પ્રિય૦
જીવતદાન તુંજ છે બહુ છોટું, હમેશ ફરેછે કાળ ચક્ર મોટું,
ઝડપશે જે દીન, તું થઇશ આધીન, નહી કો જામીન;
માટે જાણી જલદી આળસ તજી દે—પ્રિય૦

૭૯

અરજન આટાની ઘોડી ગઈટી પાદર ખડ વાઢવા—એ રાગ

ગાઓરે પ્રીત થકી સાથે મળી લળકારતાં, રાધા કૃષ્ણને,
ગાઓ (૨)—ગાઓરે.
પરમ પરમ છે પ્રભુ પરમ, નંદ નંદન નંદલાલ—ગાઓરે૦
જગ્ત કિર્તાર છે જગ્ત દાતાર, દેવકી જાયા દીન દયાળ—ગા૦
ગોકુળ ચંદ્ર શ્રી ગદાધર, ગીરીધારી ગોપાળ—ગાઓરે૦
ખરા હર્ષે ગાઓ ગીતડાં, થઇ થેઇ નાચો ખુશી થાઓ—ગા૦

૮૦

ચાલ બાપા લગાડ કાં વાર—એ રાહ.

અરે પ્રભુ પર ધ્યાન લગાડ, જરા;

તેથી પ્રભુને તું પુકાર, જા તું જલ્દી તેને શરણુ.
તેને સમજ તું તન મન ધન, ભુલીશ નહીં તેનો આભાર,
અતીષ રાખજે તે પર પ્યાર—અરે૦

૮૧

ઓ મધુર નાર કર કંઈ વીચાર-જીલા-ઠુમરી—એ રાહ.

પુજન કરૂં સાર, શિવ ઉપજે પ્યાર,
રહો મુજપર કૃપાળ, તમારૂ છું બાળ;
શોભા તમારી અપાર, તમો ભમ ભમ ભોળા—પુજન.
તમને ભાંગ અતોળો, ન ગમે બીજા સુખોલો,
મહાદેવ તમે ચોળો, દીનરાત ભસ્મ ખોળો;
દાસ દયાળ બેમુલો તમો હર હર ભોળા—પુજન.

૮૨

દશા આ શી થઇ મારી—એ રાહ.

પ્રભુ ભજો સૌ નરનારી, જે દેશે ભવપાર ઉતારી—પ્રભુ૦
તે તાત છે તેજ માત છે જે સુજનારો સંસાર,
પશુ પક્ષી જીવજંતુ સઉને છે તેનો આધાર,
માટે સેવો એ ઉરધારી, લજજા ન તો જશે તમારી—પ્રભુ૦
સર્વ દેવમાં તેજ મોટો નીરંજન નીરાકાર,
જ્ઞાન લઇ તેને ભજો નહીતો ટળવળશો નિરધાર,
ખરે છે વાત એ સારી, લેશે સઉને તે ઉગારી—પ્રભુ૦

૮૩

Row the Keal-air. સે કોણ બીજો હું જેવો—એ રા

નશી ...

હમો છીયે ગોપી તું છે નંદલાલો.
તુજ દર્શણથી સદા અમો ખુશી,
કૃષ્ણ તું દીસે ખુબ છેલ છોગાળો.

૮૪

લે પાપી હવે જીવ મારો, રાજી થઈ—રાહ અંગરેજી.

તુંજ કાળ આવે લઇ જાશે, ઝડપ કરી,
જમડાઓ નવ છોડે તને, મજબુત ધરી;
તુજ શોખ મોજ છોડી દને, હેત પ્રીત ભરી,
એ માંહેલું, કાંઇ ન આવે તુંજ, સાથે જરી;
જાય શોખ, રામ રામ
બળે મોજ. રામ રામ
થાય એમ માનવી બેહાલ; રામ રામ રામ.
કરે સખ્તી, શીત શીત
કર ભકતી, શીત શીત
લઇ લે માટે એમાંથી સાર. રામ રામ રામ.

૮૫

જો તું ખ્વારી ચાહે સારી—રાહ અંગરેજી.

જો તું ભાઇ, શાણો થાય, મુખથી તું તો રામ રામ બોલ
છોડી મમતા ઝવરે દોલત મુખપર ધરધર રામ નામ બોલ,
જો નહી દેશો. આફત લેશો, તનપર સ્હેશો, તું, રામરામ બોલ,
પ્રભુ રૂસે, રોઇ ખોશો હરહર પળ પળ રામરામ બોલ,
વીચાર કર જરા, ન હુંધમાં રે' ભલા,
પડે પડે કજા, તું છોડીદે બલા,
[illegible] અકળ કળા,

૮૬

ઓહેબી, તારે દ્વાર શાહી દરબાર—એ રાહ.

આ પ્રભુ, તારે દુવાર, ધર્મ દરબાર, પુજન સેવન તારૂજ ચાહું;
ચાહના મારી પુરણ કર, ચીત પ્રીત ભર, ગુણજ ગાઉં—આ
અઘહર અમર જગતેર મનહર, તન મન ધનના આભારી
સહુ જન,
સર્વ જનમાંહે, તુજ ગવાએ, રહે તુંજ સ્હાયે, કરે રક્ષાયે
જો સુજશ ગાએ—આ૦

૮૭

રાહ—યેહ બદીમે પાયાગમ અરે આદમ.

સુણો સર્વ દયાળુ સજ્જન, અરે ભકતજન
ભકતીમાંજ રહો હુશીયાર, ચઢો તમે નિતીમાં દન દન—સુ૦
જુવો ભકિત તણો છે સાર, બોલો જયકાર.
રહ્યા ધ્રુવ, પ્રહેલાદ સત્ય ધાર, તો આખર પ્રભુએ કીધી'તીવ્હાર;
ધરો ધ્યાન નીત્ય વિશ્વનાથ, જાણીતાત;
ખોટું કરનારાઓની તો પ્રભુ જરૂર ઉતારશે નાદ;
કશું દુષ્ટતાથી નહી થાય,
તે થકી તો પ્રભુ રીશાય,
વીઠ્ઠલ પુરૂષોતમ ગાય;
આ ગાયણો થયા પુરણ, અરે ભકતજન—સુણો.

૮૮

બેત—કવીતા.

ભજો પ્રભુ સૌ પુરણ પ્રેમથી, જે થકી વૈકુંઠ વાસ મળે,
વીઠલ કહેછે ભાવ ધરો, તો લક્ષચોરાશી ફેરો ટળે;
અલ્પ જ્ઞાનથી પ્રભુ સમર્યા તે, સ્તુતી શ્રોતાજન ચીત્ત ધરજો.
શ્રોતા વકતા, દયા કરી 'સુજપર' 'દ્રષ્ટીદોષ' માફી કરજો

શુદ્ધિપત્ર.

ગાયન	લાઈન	અશુધ્ધ	શુધ્ધ
૨	૪	ણતું	સુણતું
૩	૧	અધાર	આધાર
૪	૭	નરૂ	નકારૂ
૧૩	રાહ	સવારા	સવારી
૧૮	૪	મ	નામ
૨૬	૬	જગતમાં	જગતમાં
૩૪	૩–૭	પરમે, પમમે	પરમ
૩૫	૬	સમ તુ	સમર તું
૫૨	૩	ઉમંગ	ઉમંગે
૫૪	રાહ	માલકો	માલકોપ
૫૫	૬	મુદ્રી	મુદ્રીકા
૫૭	૯	ઝણ ણાટે	ઝણણાટ
૮૦	૩	હાર	ન્હાર

ઠેકાણું—આ પુસ્તક ક્રાફર્ડ મારકીટની લોહારચાલમાં, પાણીની ટાંકીની પડોશમાં ૨૪ નંબરવાળા માળામાં એના કર્ત્તા પાસેથી મલશે.

૨—કાલબાદેવી રોડ નંબર ૫૬ એન. એમ એન્ડ કું.

આગળથી આશરે આપનારા ગ્રાહકોના નામ.

૧ આત્મારામ તલકચંદ.
૧ આત્મારામ મીઠારામ.
૧ આત્મારામ લાલદાસ.
૧ ઉમેદરામ અંબારામ.
૧ એકનાથ અંબારામ.
૧૨૫ એ. કે. બુક બાઈન્ડર.
૨૫ એન. એમ. એન્ડ કું૦
૧ એનજીનીયર અરદેશર.
૧ અંબારાંમ હીરાજી.
૧ કીષ્ણાજી લાલજી.
૫ કસ્તુરચંદ પોમાજી.
૫ શા. કાનજી ગોપાળજી.
૧ કાવસજી જમશેદજી.
૧ કાવસજી નસરવાનજી,
૧ કાશીનાથ જગજીવન,
૧ કેશવરાવ ભાઈજી.
૧ કોલંદીયેર (પોરટુગીઝ.)
૧ ખુશાળદાસ રઘુનાથદાસ.
૧ ગીરીજાશંકર રામચંદ્ર.
૧ ગોપાળદાસ બેચરદાસ.
૧ ગંગાદાસ અમીરજી પારખ
૧ છગનલાલ ખુશાલભાઇ ત્ર સઈકર.
૧ છીબડદાસ પરશોતમ.
[illegible]

૨ ઠાકોરદાસ રૂઘનાથદાસ.
૧ ડુંગરશી શામજી જોશી.
૧ ત્રીકમદાસ રવજી.
૧ ત્રીભોવનદાસ ખીમજી.
૧ ત્રીભોવન રણછોડ.
૧ ત્રીભોવન હરગોવન.
૧ દયારામ વીઠ્ઠલદાસ.
૧ દલપતરામ કેશવરામ.
૧ દામોદર ભીખાજી.
૧ દામોદર મુરારજી.
૧ દામોદર લલુભાઇ.
૧ દીનશાજી ધ. વેલીંગટન
૧ દુરલભદાસ દામોદર.
૧ દુરલભદાસ ભાણાભાઇ.
૧૨ દેવપ્રસાદ શીવપ્રસાદ ભટ.
૧ ધારૂ શંકર.
૧ નગીનદાસ દયારામ.
૧ નારણદાસ મોતીરામ.
૧ નારણદાસ લખમણભાઈ ભાંવસાર.
૧ નારણદાસ લખમીદાસ.
૧ પરભુદાસ ગોપાળદાસ.
૨ પરશોતમદાસ કરસનદાસ મુળજી.
[illegible]

૧ બાબુલદાસ નરોતમદાસ
૧ બાળાભાઇ જમનાદાસ.
૧ બેચરદાસ જેરામ.
૧ બેચરદાસ રણુછોડદાસ.
૧ ભગ્વતરાય ત્રયંબકજી.
૧ ભગવાનદાસ પીતાંબરદાસ
૧ ભગવાનદાસ ભાણુભાઈ.
૧ ભગવાનદાસ હરજીવન.
૧ ભવાનસીંહ અમરચંદ
૧ મણીલાલ નાનાલાલ
૧ મયાશંકર કાળીદાસ.
૧ માધવદાસ વનમાળી.
૧ માધુજી મલ્લુજી.
૧ મુળચંદ ભાઇચંદ.
૧ મો૦ મોતીરામ પરભુદાસ.
૧ મોતીરામ નારણુદાસ.
૧ રણુછોડદાસ કાશીરામ.
૧ રતનશા માણેકજી બીલી મોરીયા.
૧ રતીલાલ નાગરદાસ.
૧ રામજી ગોપાળજી.
૧ રામુભાઈ. પ્રસાદી કાકા.
૧ રૂસ્તમજી બમનજી બાટલી વાળા.
૧ રેવાશંકર જીણાભાઈ
૧ લખ્મીદાસ ચાંપસી.
૧ લખ્મીદાસ પીતાંબરદાસ.
૧ લખ્મીદાસ વીઠ્ઠલદાસ.
૧ (નાથુ) લખ્મીદાસ વીઠ્ઠલ દાસ.
૧ લક્ષ્મીરામ રણુછોડભાઈ.

૧ વલ્લભદાસ કલ્યાણુજી.
૧ વીઠ્ઠલદાસ કેશવજી.
૧ વીઠ્ઠલદાસ વનમાળી.
૧ સદાશીવ અબારામ મેહેતા
૧ સુંદરજી દામોદર.
૧ સુંદરરામ દેવજી.
૧ હરગોવન રણુછોડ.
૧ હરીલાલ ત્રીભોવન.
૨૦ હરીલાલ ભગુભાઈ માસ્તર
૧ હરીશંકર બાઈજી.
૧ હીરજીભાઇ માધવજી.
૧ પરશોતમ રતનજી.
૧ પાંડુરંગ વેણીરામ આરશી વાળા.
૧ પરશોતમદાસ રામજી.
૧ ભગવાનદાસ રઘુરામ.
૧ પીતાંબરદાસ દુરલભદાસ.
૨ પરશોતમ લીલાચંદ.
૧ મો૦ બીજલાલ.
૧ બાળાભાઇ જમનાદાસ.
૧ દેવશંકર કેશવરામ ભટ.

ભાવનગર.

૭૫ ગંગાધર વેણીલાલ ભટ.

સુરત.

૭૫ જેરાજ માણેકચંદ વાળીયા.

અમદાવાદ